# VISHWANIDAM

## જુલાઇ 2016 દરમિયાન વિશ્વનિડમ દ્વારા કરવામાં આવેલ પ્રવૃતિઓનો અહેવાલ

- 3 જુલાઇ 2016ના રોજ ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટિ દ્વારા આયોજિત શ્રી શારદા વિદ્યા ભવન – રાજકોટ ખાતે MSW અને BSWના વિધાર્થીઓને સમાજ કાર્ય બાબતે માર્ગદર્શન આપવા માટેનો કાર્યક્રમ યોજાયો જેમાં વિશ્વનિડમના જીતુભાઈ દ્વારા સમાજ કાર્યની સાચી સમજણ અંગે વિધાર્થીઓને સંબોધન કરવામાં આવ્યું.




- વિશ્વનીડમ દ્વારા જુલાઇ મહિનામાં સમાજના સર્વાંગી વિકાસ અને સ્વાવલંબનને ધ્યાનમાં રાખીને વિશ્વનીડમની બહેનો દ્વારા કાપડની બેગ બનાવવા માટે વધુને વધુ પ્રયત્નો હાથ ધરાયા.




- 6 જુલાઇ 2016ના રોજ અષાઢી બીજ અને રમજાન ઈદના પર્વ નિમિતે વિશ્વનીડમ (હેપ્પી હોમ,મેટોડા) ખાતે હેપ્પી હોમના બાળકોનો ઉત્સાહ વધારવા માટે નવી નવી સ્પર્ધાઓ ગોઠવવામાં આવી, જેમાં દોડ, લીંબુ ચમચી, ખજાનાની શોધ, કબડ્ડી, ખો-ખો, જેવી અલગ-અલગ રમતો રમી બાળકોએ આનંદ માણ્યો.




- 19 જુલાઇ 2016ના રોજ ગુરુપુર્ણિમાના દિવસે વિશ્વનીડ્મ (હેપ્પી હોમમાં) તથા કલરવ સંસ્કાર કેન્દ્રોમાં ઉજવણી કરવામાં આવી અને ગુરુનો મહિમા સમજાવવામાં આવ્યો, તથા બાળકો દ્વારા નાટકો, વક્તવ્યો વગેરે કૃતિઓ રજૂ કરી,દિવસનો મહિમા વધાર્યો.



- 30 જુલાઈ 2016, વિશ્વનીડમ (હેપ્પી હોમમાં) અભ્યાસ કરતાં બાળકોના વિકાસને ધ્યાનમાં રાખીને રાખડી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં હેપ્પી હોમના 30 બાળકોએ રસ પૂર્વક ભાગ લીધો.



- 31 જુલાઈ 2016ના રોજ વિશ્વનીડમ કલરવ સંસ્કાર કેન્દ્રમાં અભ્યાસ કરતી 150 જેટલી દીકરીઓએ રાજકોટના "પ્રદ્યુમન પાર્ક"ની મુલાકાત લઇ પાર્ક જોવાની મજા માણી.




- પાઠક પબ્લિક સ્કૂલ (મેટોડા)ના વિધાર્થીઓ દ્વારા વિશ્વનીડમ (હેપ્પી હોમ)ના બાળકોને અભ્યાસમાં મદદરૂપ થાય તેવી સ્ટેશનરી પુરી પાડી, બાળકો સાથે મુલાકાત લેવામાં આવી.




# VISHWANIDAM